## જન્મદિને વધામણી



ડો. ભાગીરથી કેતન ભટ્ટ
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



ઉર્વશીબેન પટેલ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



પંકજ સી પંચાલ
મો. ૯૯૦૯૫ ૧૨૮૭૧



આદિત્ય મહિપાલ પ્રભાકર
ફોન : ૨૩૨૩૪૬૬૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### નહેરુ યુવા કેન્દ્ર દ્વારા

# ગાંધીનગરમાં 'યુથ રન ફોર નૅશનલ યુનિટી' યોજાઈ









ગાંધીનગર, તા. ૨૦

ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરની સવાસોમી જન્મજયંતિ નિમિત્તે ભારતરત્ન ડૉ. બી આર આંબેડકર ફાઉન્ડેશન, ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સૂચનાથી નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ગાંધીનગરમાં 'યુથ રન ફોર નેશનલ યુનિટી' નામે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. એ પછી અતિ પછાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના મૅનેજિંગ ડિરેક્ટર પ્રવીણભાઈ શ્રીમાળી અને ધીરૂભાઈ ડોડિયા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સ દ્વારા બાબાસાહેબને અનુલક્ષીને ગીત તથા નિશાંત ભાવસાર અને ટીમ દ્વારા માર્શલ આર્ટ્સની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. યુથ રનનો પ્રારંભ ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર હંસાબેન મોદી, ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર દ્વારા લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યો હતો.

ચ-૪ પાસે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી આ યુથ રનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જે યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬ સુધી પહોંચી હતી. અહીં ડૉ. આંબેડકરના જીવન અને કાર્ય અંગે પ્રદર્શન અને ફિલ્મ શો અને તેમના જીવનના પ્રસંગ સંબંધી માર્ગદર્શન માટે યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુંને ત્યારબાદ સમૂહ ભોજનનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર યુવાઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રકારના કાર્યક્રમો યોજવાનો હેતુ એ હતો કે આવી ઉજવણીના માધ્યમથી યુવકો અને આમ જનતામાં એકતા, સમાનતાની ભાવના પ્રગટ થાય, સૌ હળીમળીને સાથે રહે તથા સમાજમાં નાત-જાતના, છૂઆછૂતના ભેદભાવ દૂર થાય ને સરવાળે ભેદભાવમુક્ત સમાજનું નિર્માણ થાય.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કપૂર ઍન્ડ સન્સ
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
છોટા ભીમ (હિમાલયન ઍડવેન્ચર)
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
રાત્રે ૧૦.૦૦
નીરજા
૭.૧૫
ડૅર યુ
૧.૧૫
ચોરના ભાઈ ઘંટીચોર (ગુજરાતી)
૪.૧૫

**સ્ક્રીન-૫**
કપૂર ઍન્ડ સન્સ
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
૧.૦૦
જય ગંગાજલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# આજે વર્ષનો અનોખો દિવસ દિવસ અને રાત બેઉ સરખાં

ગાંધીનગર, તા. ૨૦

સોમવાર, તા. ૨૧ માર્ચનો દિવસ એ વર્ષનો અનોખો દિવસ છે, આ દિવસે રાત અને દિવસ બેઉ સરખાં રહેશે. એ પછી એટલે કે તા. ૨૨ માર્ચથી દિવસ લંબાતો જશે ને રાત ટૂંકી થતી જશે.

સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદ બિંદુને સંપાત બિંદુ કહેવામાં આવે છે. તા. ૨૧ માર્ચે આ પૈકીનો એક દિવસ છે, જેને વસંત સંપાત ખગોળીય દિવસ કહેવામાં આવે છે. આ તારીખે દિવસ અને રાત બેઉ એક સરખી લંબાઈનાં જોવા મળે છે અને એ પછી એટલે કે ૨૨ માર્ચથી દિવસની લંબાઈ રાત કરતાં વધી જાય છે, સાથે સાથે ગરમીનું પ્રમાણ પણ વધતું જાય છે.

કારણ એ છે કે પૃથ્વીનો ઉત્તર તરફનો ભાગ સૂર્ય તરફ નમેલો રહેશે ને આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરીએ છીએ. આ કારણે સૂર્યનાં સીધાં કિરણો આપણા વિસ્તારમાં પડશે. ૨૧ જૂન પછી સૂર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે, તેને દક્ષિણાયન કહેવામાં આવે છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા દાહોદમાં ત્રણ દિવસમાં પાંચ કાર્યક્રમો યોજાયા





ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આદિવાસી વિસ્તારના શ્રી સદગુરુ ફાઉન્ડેશન, ચોસાલા ગામે તા. ૧૭થી ૧૯ માર્ચ, ૨૦૧૬ના ત્રણ દિવસ ગુજરાતના નવોદિત લઘુ વાર્તાલેખકો માટે "નવોદિત વાર્તા લેખન શિબિર" જાણીતા વાર્તાકાર રાઘવજી માધડના માર્ગદર્શનમાં યોજાઈ હતી. જેમાં ગુજરાતના કુલ ૩૫ જેટલા નવસર્જકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં ટૂંકીવાર્તા વિશે કલ્પેશ પટેલ, ડૉ. રાજેશ વણકર તથા વિનોદ ગાંધીએ પોતાના વક્તવ્યો આપ્યા હતા. સાંજે ચાર કલાકે આશ્રમમાં " આદિવાસી સાહિત્યના શ્રેષ્ઠ ગદ્ય ખંડોનું વાચન "વાચિકમ : ગદ્યસત્ર" યોજાયું હતું જેમાં વિનોદ ગાંધી, કલ્પેશ પટેલ, રાજેશ વણકર, રાઘવજી માધડ તથા કનૈયાલાલ ભટ્ટે સાહિત્યના વિવિધ સ્વરૂપોના ઉત્તમ ગદ્યખંડોનું વાચન કર્યું હતું. તા, ૧૮, માર્ચના રોજ જે. એન્ડ. આર કૉલેજ ઓફ એજ્યુકેશન - દાહોદ મુકામે આદિવાસીનું "વાચિકમ : ગદ્યસત્ર " યોજાયું હતુ. જેમાં ડૉ. ભરત જાદવ, મૌલિક શ્રોત્રિય, ડૉ. નર્મદાબેન આર. સોલંકી, કલ્પેશ પટેલ, અર્પિત સોલંકીએ આદિવાસી ગદ્યકૃતિના શ્રેષ્ઠ ગદ્યખંડોનું ભાવવાહી અને ભાષાના લહેકા પ્રમાણે પઠન કર્યુ હતું. તા. ૧૯, માર્ચના રોજ સવારે જે. એન્ડ. આર કૉલેજ ઓફ એજ્યુકેશન - દાહોદમાં જ " આદિવાસી સાહિત્ય મહોત્સવ " ઉજવાયો હતો જેમાં અકાદમીના પૂર્વ મહામાત્ર અને લોક સંશોધક ડૉ. હસુ યાજ્ઞિકે ગુજરાતી આદિવાસી સંશોધન સાહિત્યનો ઉદભવ અને વિકાસ, ડૉ. બળવંત જાનીએ "ગુજરાતી આદિવાસી સાહિત્યના સ્થિત્યંતરો' અને પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીએ "સાંપ્રત સમયમાં આદિવાસી સાહિત્યનું મહત્વ" વિષયો પર વ્યાખ્યાનો આપ્યા હતા. આ સમારોહમાં સ્થાનિક સંસદ સભ્ય જશવંતસિંહ ભાભોર, કલેકટરશ્રી એમ. એ. ગાંધી તથા જિલ્લા વિકાસ અધિકારી એસ.એ. પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક વક્તવ્યો આપ્યા હતા. આ જ દિવસે કૉલેજમાં સાંજે આદિવાસી વિસ્તારના કવિઓનું " કવિ સંમેલન : કાવ્યસત્ર - ૧૮ " યોજાયું હતું પ્રવીણ દરજી, ડૉ. સતીન દેસાઈ, ડૉ. અંકુર દેસાઈ, ડૉ. ભરત જાદવ, મિતેશ રાવલ, મૌલિક શ્રોત્રિય, રાજુ ગોહેલ, વિપુલ વ્યાસ, સ્મિતા શાહ, રાજેશ વણકર, કવિ કાફિર, વિનું બામણિયા અને અનિલ વાળાએ પોતાની રચનાઓ રજુ કરી હતી. કવિ સંમેલનનું સંચાલન શ્રી રાજેશ વણકરે કર્યુ હતું.

આમ સાહિત્ય અકાદમી

# ૮ વર્ષના બાળક મીત પંચાલનું પર્યાવરણ જાગૃતિ માટે અનોખું કાર્ય







ગાંધીનગર, તા. ૨૦

પર્યાવરણ દૂષિત થઈ રહ્યું છે અને પર્યાવરણનું સંરક્ષણ એ સૌની નૈતિક જવાબદારી બની ગઈ છે ત્યારે સમાજમાં પર્યાવરણ અંગેની જાગૃતિ ફેલાય તે માટે 'વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો' અભિયાનનો આરંભ આઠ વર્ષના બાળક મીત દુર્ગેશભાઈ પંચાલે કર્યો છે. તાજેતરમાં સેવાભાવી સંસ્થા મીત પીપલ્સ ફાઉન્ડેશને સમયની નાડ પારખીને વૃક્ષો ઉગાવી પર્યાવરણ બચાવવાની ઝૂંબેશનો પ્રારંભ શામ સેવા ફાઉન્ડેશનના ચૅરમૅન મગનભાઈ પટેલના હસ્તે કરાવ્યો. તેમણે ધ્વજ ફરકાવી મીત પંચાલને સાયકલીંગ ફોર અવેરનેસ ઓફ એન્વાયરમેન્ટ એન્ડ પ્લાન્ટેશન માટે વહેલી પરોઢિયે ઈસ્કોન સર્કલથી સરગાસણ-ગાંધીનગર રૂટ પર પ્રારંભ કરાવ્યો હતો. પચાસ કિમીની આ સાયકલ યાત્રામાં મીતે રસ્તામાં આવતાં અનેક સ્થળો ઉપર વૃક્ષો વાવી જાગૃતિ લાવવાનું એક 'ખિસકોલી'નું કામ કર્યું હતું.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

**'મારા પપ્પા એટલે મારા પપ્પા'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

# "મારા પપ્પા એટલે શ્રીફળ સમું વ્યક્તિત્વ"

## 'થિંક ડિફરન્ટ, બી ડિફરન્ટ'માં માનવાવાળા મારા પપ્પા મને સૌથી અનોખા લાગે છે, મારા પપ્પા જેવું બીજું કોઈ નથી

**સંવેદના**
મારા પપ્પા એટલે મારા પપ્પા



મારો જ્યારે અકસ્માત થયો ત્યારે તરત જ મારા પપ્પા મારી પાસે આવી ગયા હતા અને કલાકો સુધી મૂંગા મોઢે બેસી રહ્યા હતા. ગમે તેવી આર્થિક પરિસ્થિતિ હોય, મારા માટે પુસ્તકો અને અન્ય શોખની વસ્તુઓ પણ લાવી આપી હતી. મારી કારકિર્દીના આરંભમાં તેઓ જ મારી સાથે રહી યોગ્ય માર્ગદર્શન કરતા. મારા તમામ સારા અને ક્રાંતિકારી વિચારોને તેઓ હસતા-હસતા ટેકો આપતા હોય છે.

જ્યારે તેમને હાર્ટ એટેક આવ્યો ત્યારે પણ અમને એમ જ કહેતા હતા કે આ ડૉક્ટર્સ તો ખોટું બોલે છે, મને કંઈ થયું નથી. આમ, તેઓ અમને હિંમત આપતા હતા.

જ્યારે ઍચએસસીમાં હું સારા માર્ક્સ સાથે પાસ થયો ત્યારે પિતાજીએ સોસાયટીમાં પેંડા વહેંચી ખુશી વ્યક્ત કરી હતી. સ્પૉર્ટ્સમાં હંમેશાં નૅશનલ કક્ષાએ રમવા જવાનું થતું, તો તેઓ ખૂબ જ હરખાતા હતા. જાણે પોતે રમવા જવાના ના હોય! મારા માટે સારી દુઆ જ કરતા ક્યારેય થાકતા જ નહીં એ મારા પપ્પા. ખરે જ, મારા પપ્પા એટલે મારા પપ્પા!

**- વિ એમ પવાર, રાંધેજા**

- મારા ઘરની વન મૅન સરકાર એટલે મારા પપ્પા
- આત્મવિશ્વાસનો અડીખમ ગિરનાર એટલે મારા પપ્પા.
- હિંમતનો દરિયો ને ક્રોધનું ઝાડ એટલે મારા પપ્પા.
- સંતાનોના રક્ષણ માટેની સલામત વાડ એટલે મારા પપ્પા.
- મમ્મીએ મને ડરતાં શીખવ્યું ને પપ્પાએ મને લડતાં શીખવ્યું.
- મમ્મીએ મારી ઠેસ જોઈને મલમપટ્ટી કરી છે ને પપ્પાએ ધૂળ કાઢી છે.
- મમ્મીએ મને સંવેદનશીલ બનાવ્યો ને પપ્પાએ મને સૈનિક બનાવ્યો.
- એમની સાઈકલની સીટ પર બેસીને મેં જે દુનિયા જોઈ છે એ દુનિયા આજે કારમાં બેસીને પણ નથી જોઈ શકાતી.
- પપ્પાને મારી કિંમત છે ને પપ્પા મારી હિંમત છે.
- મારા પપ્પા એટલે શ્રીફળ સમું વ્યક્તિત્વ - બહારથી કડક અને અંદરથી ભીના ને મીઠા.
- પોતાના મહાન સંતાનોની ક્રેડિટ તેઓ મમ્મીને આપે છે, એટલે મારા પપ્પા મહાન છે.
- પપ્પા રીટાયર્ડ થયા છે, પણ ટાયર્ડ નહીં....

એટલે જ મારા પપ્પા એટલે મારા પપ્પા.



**- મિલનકુમાર ભૂપેન્દ્રલાલ પટેલ**
**રાંધેજા**

મારો અને મારા પિતાજીનો સંબંધ ગણિતથી જોડાયેલો હતો. શાળાકીય શિક્ષણથી શરૂ કરી કૉલેજનાં અભ્યાસમાં અને આજે પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો મને મારા પપ્પા જ શીખવતા. ગણિતમાં અનુસ્નાતક થયા બાદ પીઍચડી કરી પ્રૉફેસર બનવા માગતા મારા પપ્પાએ કુટુંબની જરૂરિયાત ધ્યાનમાં રાખી બૅન્કની નોકરી સ્વીકારી લીધી. પરંતુ અમે બે ભાઈ-બહેનને ભણાવવા સાથે એમની ગણિતયાત્રા ચાલુ જ રહી છે. ગણિત ગણવામાં પાક્કા એવા મારા પપ્પાએ જીવનમાં કદી ગણતરીઓ નથી માંડી, નથી હિસાબ રાખ્યા. અમે બે ભાઈ-બહેનને એમણે જે માગ્યું છે એ આપ્યું છે. પરિવારમાં પણ હંમેશાં મદદ કરી છે. ગણિતના પાઠ શીખવવા ઉપરાંત એમણે મને જીવનના પાઠ પણ શીખવ્યા છે. પિતાજી હંમેશાં શિસ્તતા, નિયમિતતા અને સમયપાબંદીના આગ્રહી રહ્યા છે. પોતાનું કામ પોતે જ ચીવટથી કરવું, કામમાંથી છટકવું નહિ અને સમયસર કામની પતાવટ કરવી એ બાબતોના એ હંમેશાં આગ્રહી રહ્યા છે.

આજે જ્યારે એમની પૌત્રી આવી ગઈ છે ત્યારે તેને પણ એટલા જ ઉત્સાહથી કહે છે, 'ચાલ, તને એકડો-બગડો શીખવાડું !' અને મારી મમ્મી કહે છે, 'એ તો વન ટુ થ્રી શીખશે...' ઘરમાં હાસ્યનું મોજું ફરી વળે છે.

આ અનન્ય સમાસના સૂચક છે મારા પપ્પા. ખરેખર, મારા પપ્પા એટલે મારા પપ્પા.

**- ઝરણાં જિગર ત્રિવેદી**
**સેક્ટર-૨૪**

મારા પપ્પા એક સફળ પિતા છે. હા, મેં ઘણાં બાળકો જોયાં છે જેમને પોતાના પપ્પાથી એક ફરિયાદ હોય છે કે તેમના પપ્પા તેમના માટે સમય કાઢી શકતા નથી. પણ મને મારા પપ્પાથી ખૂબ પ્રાઉડ છે. હું નસીબદાર છું, મારા પપ્પા એટલે મારા પપ્પા. 'થિંક ડિફરન્ટ, બી ડિફરન્ટ'માં માનવાવાળા મારા પપ્પા મને સૌથી અનોખા લાગે છે, મારા પપ્પા જેવું બીજું કોઈ નથી.

ફૂલોં કા તારોં કા સબ કા કહેના હૈ, એક હજારોં મેં મેરે પપ્પા હૈ...



**- બંસરી એચ પટેલ,**
**સેક્ટર-૮ બી**

અમારાં મમ્મી લક્ષ્મી વાધવાણી સરકારી નોકરી કરે છે ને અમારા પપ્પા મુરલીધર અમદાવાદ ખાતે નોકરી તથા પાર્ટ ટાઈમ ધંધો કરતા હતા. મમ્મીની નોકરીને કારણે અમે અમદાવાદથી ગાંધીનગર રહેવા આવ્યા. અહીં એક નાનકડો ગલ્લો લઈ જૂના સચિવાલય, મીના બજાર ખાતે નાના પાયે કાપડનો ધંધો શરૂ કર્યો. નસીબે સાથ આપ્યો અને પપ્પાના સરળ સ્વભાવને લીધે ધંધો જામી ગયો. સચિવાલયમાં ઘોડિયાઘરમાં અમને બેઉ બહેનોને રાખવી પડતી, પછી પુત્રની અપેક્ષાએ તથા વડિલોની લાગણીને માન આપીને ત્રીજી સંતતિ લાવ્યા, પણ એય પુત્રી જ આવી. જોકે મારા પપ્પાએ તો પેંડા જ વહેંચ્યા. સમાજના લોકો ફાવે તેમ બોલતાં તેથી ક્યારેક મમ્મી હતાશ થતી પણ અમારા સીધા-સાદા પપ્પા બધાને મોં પર જવાબ આપી દેતા. ત્યારબાદ ગુરૂજીના આશીર્વાદથી ઘરમાં પુત્રનો જન્મ થયો. સદનસીબે અમે ત્રણ બહેનો મોટી થઈ ગઈ હતી કારણ મમ્મી પપ્પાનાં લગ્ન જીવનના સત્તર વર્ષ બાદ એમને ઘેર પુત્ર (વંશ)નો જન્મ થયો હતો. અમે ત્રણેય બહેનો પહેલેથી જ દિકરાઓની જેમ ઉછેર પામી હતી અને વંશના આવ્યા પછીય અમારી સાથેના વર્તનમાં કોઈ જ ફેર પડ્યો નહોતો. અમને ક્યારેય મમ્મી-પપ્પાએ બોજારૂપ ગણ્યાં નથી.

અમે નાનપણથી જ જોતા આવ્યા છીએ કે મમ્મીની નોકરીને કારણે પપ્પા એમને ઘરકામમાં પણ મદદ કરતા, અમારી શાળાની રીક્ષા ન આવે તો પપ્પા અમને સમયસર સ્કૂલે મૂકી જતા. પપ્પા કામ કરે એનાથી મમ્મીને સંકોચ થતો પણ પપ્પા એને શાંતિથી સમજાવતા અને એના કામમાં પોતાનું યોગદાન આપતા.

પપ્પા પોતે ઓછું ભણ્યા હતા એટલે એ અફસોસ ઓછો કરવા એમણે અમને ચારેય સંતાનોને ભણાવ્યા ને એ દરમ્યાન અમે અવ્વલ જ રહીએ એવો આગ્રહ પણ રાખ્યો.

ખૂબ શાંત સ્વભાવના મારા પપ્પાને અમે ક્યારેય ગુસ્સે થતા નથી જોયા, એમણે જરૂરિયાતના સમયે અમને માતા અને પિતા બંનેનો પ્રેમ આપ્યો છે.

અમારા પપ્પા અમારા માટે ભગવાનનું બીજું સ્વરૂપ છે, તેઓ નિરોગી દીર્ઘ આયુષ્ય ભોગવે એવી ઈશ્વરને પ્રાર્થના! કારણ... અમારા પપ્પા એટલે અમારા પપ્પા!

**- મોનિકા, અનુજા, વંદિતા, વંશ**